વધારાની નકલ.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

Bhuj - Kutch 370001

રેફ.નં.: ક.યુ./E C.-Minuets 17 th March'14 / ૨૦૧૩ –૧૪/ 824 to 835

તા. ૨૭/૦૩/'૧૪

**વિષય :** ગત તારીખ ૨૭મી માર્ચ '૨૦૧૪નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તારીખ **૨૭મી માર્ચ.'૨૦૧૪**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## તારીખ ૨૭મી માર્ચ ૨૦૧૪નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સભાની મિનિટ્સ નોંધ

આજ રોજ તારીખ ૨૭મી માર્ચ ૨૦૧૪ને ગુરૂવારનાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| પ્રો.ડૉ.શ્રી પી.એન.દવે —અધ્યક્ષશ્રી<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી ત્રિકમભાઈ બી. છાંગા —સભ્યશ્રી<br>કોર્ટ સભ્યશ્રી અને પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત | ગેર હાજર |
| શ્રી જાડેજા હરિસંગ ઘનુભા —સભ્યશ્રી<br>કોર્ટ સભ્યશ્રી અને નોંધાયેલ સ્નાતક, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેર હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી એમ.જી.ઠકકર — સેક્રેટરી<br>( કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

ગત તારીખ ૧૮મી માર્ચ.૨૦૧૪ના રોજની ૧ મળેલ સભાની મિનિટ્સ નોંધ વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૨ : પર ચાલુ..

<u>ઠરાવ : ૧ :</u> ગત તારીખ ૧૮મી માર્ચ ૨૦૧૪ના રોજની સભાની મિનિટ્સ નોંધ અન્વયે નીચે મુજબ યોગ્ય સુધારણા સાથે વંચાણે લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001

કાર્યસૂચિ ક્રમાંક : ૭ : 'અનુસ્નાતક શિક્ષક માન્યતા' અન્વયે માન્યતાનાં ધોરણો તથા શૈક્ષણિક કાર્યનો અનુભવનાં વર્ષ નિયત કરવા બાબત :

યુ.જી.સી.ની આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક માટે પ્રવર્તમાન નિયમો નિયત કરાયેલ છે તે મુજબ ૨૦૦૯ પછીનાં સમયગાળા માટે જે નિયમો નિયત કરાયેલ સંદર્ભે તે લાયકાત અન્વયે જ સદર ઠરાવ અન્વયે નિયત કરાયેલ શૈક્ષણિક કાર્યનો અનુભવ અમલીકરણમાં રહેશે.

સદર ક્રમાંક સિવાયની અન્ય કામગીરીને બહાલ રાખવામાં આવે છે.

૨. પરીક્ષા શુધ્ધી સમિતિની કાર્યવાહી બહાલ રાખવા બાબત :

તારીખ ૧૯મી માર્ચ.તથા ૨૫મી માર્ચ ૨૦૧૪નાં રોજ મળેલ પરીક્ષા શુધ્ધી સમિતિની બેઠકમાં હાથ ધરાયેલ કાર્યવાહી સંદર્ભે કરવામાં આવેલ ભલામણો ગ્રાહ્ય રાખવા અંગે થયેલ ચર્ચા દરમ્યાન થયેલ રજૂઆત મુજબ બાબા નાહરસિંહ ઈન્દ્રપ્રસ્થ,નવી દુધઈ ખાતે ચાલતાં એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમ સંબંધે વિદ્યાર્થીઓએ કરેલ રજૂઆત પરીક્ષા શુધ્ધી સમિતિના કાર્યક્ષેત્ર બહારની હોઈ, તે અંગે સદર સમિતિએ કોઈ કાર્યવાહી હાથ ધરેલ ન હોતાં, તે બાબતે પણ ચર્ચા કરવામાં આવેલ હતી આમ, આ બન્ને બાબાત સંદર્ભે થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

<u>ઠરાવ : ૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા શુધ્ધી સમિતિએ હાથ ધરેલ કાર્યવાહી બાદ કરેલ ભલામણો આથી ગ્રાહ્ય રાખવામાં આવે છે.

વધુમાં, બાબા નાહરસિંહ ઈન્દ્રપ્રસ્થ,નવી દુધઈ ખાતે ચાલતાં એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓએ કરેલ રજૂઆત સંબંધે જે વિદ્યાર્થીને પોતાના પરીણામ બાબતે અસંતોષ હોય, તેઓ પોતે આપેલ તમામ વિષયોનું રી—એસેસમેન્ટ કરાવી શકે છે.આ રી—એસેસમેન્ટ નિયત કરાયેલ નિયમોને આધિન કરાવવાનું રહેશે પરંતુ ખાસ કિસ્સા તરીકે ત્રણથી વધુ વિષય માટે પણ અન્ય નિયમોને આધિન રી—એસેસમેન્ટ કરાવી શકાશે અને તે માટે

૩. ભુજ નગરપાલિકાના બીલોની રકમના ચૂકવણા કરવા બાબત :

ભુજ નગરપાલિકા દ્વારા મિલ્કત, પાણી,ડ્રેનેજ,શિક્ષણ ઉપકર, સફાઈ વેરા વગેરેની ચૂકવણી કરવા સંબંધે અત્રે નોટીશ પાઠવવામાં આવેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે તે રકમનાં ચૂકવણા કરવા સંદર્ભે થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૩ : પર ચાલુ..

**<u>ઠરાવ : ૩ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નગરપાલિકાની વિવિધ સેવાઓ બદલે ચૂકવવા પાત્ર તમામ વેરા ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**૪. મહારાષ્ટ્ર ફ્નોલોજ કોર્પોરેશન લીમીટેડ (MKCL) સાથેનું એમઓયુ રીન્યુ કરવા બાબત :**

ડિઝીટલ યુનિવર્સિટી ઉભી કરવા સંદર્ભે મહારાષ્ટ્ર ફ્નોલોજ કોર્પોરેશન લીમીટેડ (MKCL) સાથે વર્ષ ૨૦૦૮માં એમઓયુ કરવામાં આવેલ હતું જે વર્ષ ૨૦૧૧માં રીન્યુ કરાવાયેલ હતું તેની મુદ્દત એપ્રિલ' ૨૦૧૪માં પૂર્ણ થનાર હોઈ, આ સાથે સામેલ વિગતે યોગ્ય ફેરફાર સાથે આ એમઓયુ ફરીથી રીન્યુ કરાવવા અંગેની ચર્ચા વિચારણા અંતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે,ડિઝીટલ યુનિવર્સિટીની જરૂરીયાતને ધ્યાને લેતાં, દર્શાવવામાં આવેલ ફેરફાર સાથે આ એમઓયુ રીન્યુ કરાવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**વધુમાં, વિદ્યાર્થીઓ દ્વારા ઓન લાઈન જે કાર્યવાહી હાથ ધરી શકાય છે તેવી કાર્યવાહી જેવી કે હોલ ટીકીટ વગેરે બાબતે પુરતી સિક્યૂરીટી જળવાઈ રહે તે ધ્યાને લઈ આ એમઓયુ રીન્યુ કરવું.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

**કાર્ય. કુલસચિવ**
**કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,**
**ભુજ–કચ્છ**